દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૧ ● અંક : ૭ ● તા. ૧૫-૦૪-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. ● મો. 98982 54550

# રાજયભરમાં ઉજવાયો પુજય એકલીંગજી દાદાનો ભંડારો

## ગાંધીનગર, અમદાવાદ, હિંમતનગર, રાયગઢ, કુકરવાડા, વિજાપુર, નડીયાદ, વડોદરા, રણાપુર, પાલનપુર, મુંબઈ સહિત વિદેશમાં યોજાયેલ ભંડારામાં ઉલ્લાસભેર જ્ઞાતિજનો ઉમટયા

સમગ્ર ભટ્ટમેવાડા જનના ઈષ્ટદેવ પુજય એકલિંગજી દાદાનો ભંડારો ફાગણ વદ-૧૪ ને શનિવારે ઉજવવામાં આવેલ હતો. સમગ્ર રાજયમાં અને દેશ-વિદેશમાં વસતા સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધેલ હતો.

ગાંધીનગર ખાતે પંચદેવ મંદિરના પટાંગણમાં ભટ્ટમેવાડા અને ત્રિવેદી મેવાડા એ વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ એક સાથે ભંડારાના ઉજવણી કરી હતી. લઘુરુદ્રના મુખ્ય યજમાનપદે મૂળ દાવડના વતની અને વર્ષોથી ગાંધીનગર ખાતે સ્થાયી થયેલા શ્રી રમેશભાઈ ગોર બિરાજમાન હતા. લઘુરુદ્રના આચાર્યપદે શ્રી કનુભાઈ ત્રિવેદી, સહ આચાર્ય તરીકે શ્રી નવનીતભાઈ ભટ્ટે પુજા વિધિ કરાવી હતી અને લઘુરુદ્ર મંડળના સભ્યો પણ તેમાં હાજર રહયા હતા.

ભંડારા ના ઉત્સવને સફળ બનાવવા માટે -મુખ શ્રી રમેશભાઈ જોશી, મંત્રી શ્રી -કાશભાઈ ભટ્ટ, ઉપ-મુખ શ્રી વ્યોમેશભાઈ દિક્ષીત, શ્રી હિમાંશુભાઈ દિક્ષીત, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી નિરવભાઈ પંડયા, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી પંકજભાઈ ગોર, શ્રી યોગેશભાઈ પેશ્વા, શ્રી દિલીપભાઈ જોશી, શ્રી અશોકભાઈ મહેતા વગેરે એ



ભારે જહેમત ઉઠાવી હતી.

રાયગઢ ખાતે ભંડારા નિમિત્તે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન શ્રી જીતુભાઈ શુકલના આચાર્યપદે કરવામાં આવેલ હતું. નડીયાદ ખાતે પણ એકલીંગજી દાદાનો ભવ્ય ભંડારો યોજવામાં આવ્યો હતો.

અમદાવાદ ખાતે ડો.જ.મુ.મહેતા છાત્રાલયમાં ભંડારાનું આયોજન કરવામાં આવેલ હતું મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

રણાપુર ખાતે કાનમ સમાજનો ભંડારો અમાસના દિવસે યોજવામાં આવેલ હતો. આ ભંડારો છેલ્લા ૨૫ વર્ષથી જ્ઞાતિજનો તરફથી સ્પોન્સર કરવામાં આવે છે.

પાલનપુર ખાતે એકલીંગજી પાટોત્સવ શ્રી પ્રકાશભાઈ ચંદ્રકાન્તભાઈ જોષીના યજમાન પદે યોજાયો હતો. જેમાં સમાજના ૧૨૫ કરતાં વધુ ભક્તો જોડાયા હતા. સવારના ૧૦ થી ૫ દરમ્યાન પૂજા-અર્ચના કર્યા વગર ભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા.

(અનુ. પાન નં. ૩ પર)

## આગામી મે માસના સેમિનાર

- **જીપીએસસસી પરીક્ષા માહિતી સેમિનાર-૨**
- **ધોરણ-૧૦ અને ૧૨ પછી શું ?**
- **યુવા શક્તિ વિકાસ સેમિનાર-૨**

રજીસ્ટ્રેશન માટે શ્રી રમેશભાઈ જોશી (૦૭૯)-૨૩૨૩૦૬૩૨, શ્રી -કાશભાઈ ભટ્ટ(૦૭૯)-૨૩૨૩૦૮૨૨, શ્રી હિમાંશુભાઈ દિક્ષીત (૦૭૯)૨૩૨૨૨૪૪૯ અને શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય (૦૭૯)૨૩૨૪૩૧૦૧ નો સંપર્ક કરવો.

વ્યવસ્થા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

# તંત્રી સ્થાનેથી....

સ્વામી વિવેકાનંદ અમેરિકાના દરિયાકાંઠાના એક ગામે ગયા હતા. ત્યાં ફરતાં ફરતાં તેઓએ એક દ્રશ્ય જોયું. કાંઠા ઉપર કેટલાક યુવાનો ઉભા હતા. એકના હાથમાં બંદૂક હતી. બીજા યુવાનોના હાથમાં રબ્બરના દડા હતા. એક યુવાન દડો ઉછાળે એટલે બંદૂકવાળો ગોળીબાર કરે. આખી રમતનો હેતુ એ હતો કે નિશાનબાજી કરીને દડાને વીંધવો.

સ્વામી વિવેકાનંદને આ રમતમાં રસ પડી ગયો. એ જોવા માટે ઉભા રહી ગયા. પણ ઘણાય વખત સુધી એક પણ યુવાન દડો વિંધવામાં સફળ ન થયો. એમને નિષ્ફળ થતા જોઈ સ્વામીજીને હસવું આવી ગયું. પેલા યુવાનો એક ભારતીય સાધુને હસતા જોઈ અમેરિકન યુવાનોને માઠું લાગી આવ્યું. એમાંથી એક યુવાન બોલ્યો આમ હસો છો કેમ ?

સ્વામીજીએ કહ્યું, આટલી બધી વાર તમને નિશાન તાકવામાં નિષ્ફળ જતા જોઈ મને હસવું આવે છે. યુવાન બોલ્યો એમાં હસવાનું શું ? ઉછળતા દડાનું નિશાન તાકવું એ કંઈ જેવું તેવું નથી. ભલભલા નિશાનબાજો એમાં નિષ્ફળ જાય છે.

સ્વામીજીએ કહ્યું તો મને આ બંદૂક થોડીવાર માટે આપો જોઈએ. બંદૂકવાળા યુવાને સ્વામીજીને બંદૂક આપી. તેઓએ બંદૂક કેવી રીતે કામ કરે છે એ જોઈ લીધું. પછી દડાવાળા યુવાનને કહ્યું હવે દડો ઉછાળો.

યુવાને જોર કરીને દડો ઉછાળ્યો. સ્વામીજીએ એકાગ્ર થઈને બંદૂકનો ઘોડો દબાવ્યો અને દડો વિંધાઈ ગયો. આ રીતે સ્વામીજીએ એક પછી એક સાત દડા વીંધી નાંખ્યા. એકેય વાર નિશાનચૂક ના થઈ.

એટલે યુવાનો તેમને ઘેરી વળ્યાં. એક યુવાને કહ્યું, મહારાજ તમે કદી બંદૂક ફોડી જ નથી. માત્ર આ વખતે જ...! તો પછી... આટલી સરસ નિશાન બાજી તમને આવડી ક્યાંથી ? શું કશો ચમત્કાર કર્યો ?

સ્વામીજીએ કહ્યું, ચમત્કાર જેવું દુનિયામાં કશું નથી. ખરેખર મેં મન એકાગ્ર કરીને નિશાનબાજી કરેલી એટલે સફળ થયો છું. મનની એકાગ્રતાથી આપણી બધી શક્તિઓ એકાગ્ર બને છે અને ચમત્કારી લાગે એવાં કામ આપણે કરી શકીએ છીએ.

ભટ્ટ મેવાડા યુવાનો આગામી સમયમાં સરકારી, અર્ધસરકારી, બેંકો, એલઆઈસી વગેરેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભરતી થવાની છે. સ્વામીજીએ કહ્યું છે તેમ મન એકાગ્ર કરીને આ પરીક્ષાની તૈયારી કરીએ તો ચમત્કારી લાગે તેવાં પરિણામ મેળવી શકાશે.

પરીક્ષાના માર્ગદર્શન સહિતની બાબતોએ ગાંધીનગર ખાતેથી છેલ્લા ઘણા સમયથી પ્રયત્નો થઈ રહ્યાં છે તે સમાજ માટે ખૂબ જ આવકાર્ય અને ઉજળી બાબત છે.

આ પ્રયત્નોમાં ભટ્ટ મેવાડા યુવાનોનો પુરુષાર્થ ભળે તો આગામી સમયમાં નોકરી વાંચ્છુ યુવક-યુવતી બેકાર નહિ રહે.

ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે મંડી પડો.

- તંત્રી

# વેદ પ્રાર્થના

**स्वस्ति पन्थामनुचरेम सूर्य्याचन्द्रमसाविव ।**
**पुनर्ददताध्नता जानता संगमेमहि ॥**

-ઋગ્વેદ ૫-૫૧-૧૫

આપણે સૌ કલ્યાણકારી માર્ગ પર ચાલીએ, જેમ સૂર્ય અને ચંદ્રમા ચાલે છે. અને આદાન-પ્રદાન કરનારની સાથે, હિંસા ન કરનારની સાથે એક બીજાના દૃષ્ટિકોણને સમજનારની સાથે સંગતિ (સંગ) કરીએ.

# ગાંધીનગર સમાજ દ્વારા ચાલતી SMS સર્વિસમાં જોડાવા અંગે

શ્રી ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે, નોકરીવાંચ્છુ યુવક-યુવતીઓ માટે અને ૧૮ થી ૩૫ વર્ષ સુધીની વયના યુવક-યુવતીઓ માટેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ભટ્ટમેવાડા વર્તમાનમાં આ અંગેની માહિતી આપવામાં આવે છે પરંતુ કેટલીકવાર અરજી કરવાની સમય મર્યાદાને ધ્યાને લઇ SMS કરવાની જરૂરિયાત રહે છે. આ માટેની SMS સેવા પણ ચાલુ છે અને નોકરીની બાબતોએ SMS થી માહિતની આપવામાં આવે છે. હાલમાં અંદાજે ૮૦૦ કરતાં વધુ મોબાઇલ ધારકોને આવા SMS મોકલવામાં આવે છે. કેટલાક જ્ઞાતિજનોની વિનંતી હતી કે, તેઓને SMS મળતા નથી. તેથી જે જ્ઞાતિજનો આ SMS સેવામાં જોડાવા માંગતા હોય તેઓએ તેમનો મોબાઇલ નંબર, નામ વગેરે વિગતો શ્રી રમેશભાઇ જોશી (૦૭૯)-૨૩૨૩૦૬૩૨ પર અથવા મોબાઇલ નંબર ૯૯૭૮૪ ૦૭૯૨૯ પર અથવા rmjoshi51@yahoo.com નોંધાવવા વિનંતી છે.

# બનાસકાંઠા જીલ્લાના સમાજનો યોજાયો એકલીંગજી પ્રવાસ

**તા. ૨૫ થી ૨૭ ફેબ્રુઆરીના રોજ બનાસકાંઠા જીલ્લાના સમાજના સભ્યોનો એકલીંગજી, શ્રી નાથજી, કાંકરોલી વગેરે સ્થળોનો ધાર્મિક પ્રવાસ યોજાઈ ગયો. જેમાં ૫૬ જેટલા સભ્યો જોડાયા હતાં. આ પ્રવાસનું સફળ આયોજન શ્રી પુષ્કરરાય એમ. જોષી, શ્રી વિપુલભાઈ જોષી અને શ્રી દેવેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું. એકલીંગજી ખાતે શ્રી મોતીલાલ કકડલાસ ત્રિવેદી તરફથી બ્રહ્મભોજન કરાવવામાં આવ્યું હતું.**

# હિંમતનગર ખાતે એકલીંગજી દાદાનો ભવ્ય પાટોત્સવ યોજાયો



શ્રી ભટ્ટ મેવાડા સમાજ હિમતનગર દવારા શ્રી ઈસ્ટદેવ એકલિંગજીદાદા નો પાટોત્સવ એકલિંગજી મંદિર હિમતનગર ખાતે ફાગણ વદ ૧૪, તા-૦૨/૦૪/૨૦૧૧ ના રોજ ઉજવાયો. પાટોત્સવ શ્રી ભારતીબેન અશ્વિનભાઈ ભટ્ટ તરફ થી રાખવામાં આવેલ આ -સંગે સમાજ દવારા આયોજિત લઘુરુદ્ર પૂજા માં સાત યજમાનો એ ભાગ લીધો,આ પૂજનવિધિ બાદ શ્રી ભટ્ટ મેવાડા સમાજ હિમતનગર ની સામાન્ય સભા મળી. સમાજ ના -મુખ શ્રી વિભાકરભાઈ ભટ્ટ એ સમાજ ના ગયા વર્ષ ના કાર્યોની સમીક્ષા અને આગામી નવા કાર્યકાર્મો ની વિગતે માહિતી આપી,તથા સમાજ ના ગત વર્ષના હિસાબો નું વાંચન કરવામાં આવ્યું અને નવા વર્ષના હોદેદારો ની નીમુંણક કરવામાં આવી, ત્યારબાદ લગભગ ૧૦૦૦ જ્ઞાતિ બંધુઓ એ શ્રી ઈસ્ટદેવતા એકલિંગજી દાદા ની -સાદી લીધી આમ, આ સુંદર કાર્યક્રમ આયોજિત થઈ ગયો.

**રાજ્યભર...** (પાન ૧નું શેષ)

કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મીચંદ જોષી, શ્રી લક્ષ્મીશંકર ત્રિવેદી, શ્રી જ્યોતિલાલ જોષી, શ્રી પુષ્કરભાઈ જોષી, શ્રી મનુભાઈ વ્યાસ, શ્રી દેવેન્દ્રભાઈ જોષી અને શ્રી સુરેશભાઈ જોષીએ સહયોગ આપ્યો હતો. ઓસ્ટ્રેલીયા- પર્થ ખાતે વસતા ૪ ભટ્ટમેવાડા કુટુંબોએ ભેગા થઇ પુજય દાદાનો ભંડારો ઉજવ્યો હતો. વિદેશમાં જઇને પણ આપણી સંસ્કૃતિના જતન માટે જાગૃત જ્ઞાતિબંધુઓને સલામ.

# સમસ્ત ભટ્ટમેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના

સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ(મૃત્યુ ) સહાય યોજના સમાજના ષષ્ઠમ સંમેલનમાં નકકી થયા મુજબ સમસ્ત ભટ્ટમેવાડા પરિવાર કલ્યાણ( મૃત્યુ )સહાય યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનામાં જોડાવાની મુદત જ્ઞાતિજનોની માંગણીને ધ્યાને લઇ ૩૧.૫.૨૦૧૧ સુધી લંબાવવામાં આવેલ છે. આ યોજનામાં જોડાવા માટે સમસ્ત ભટ્ટમેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજનાના નામનો ચેક મોકલવા વિનંતી છે. બહારગામનો ચેક હોય તો બેંક કમિશનના રૂ. ૫૦/- વધુ ઉમેરીને ચેક લખવો.

# ગાંધીનગર ખાતે કાર્યરત થનાર ભટ્ટમેવાડા રોજગાર માહિતી કેન્દ્ર, જ્ઞાતિના યુવક-યુવતીઓને નોકરી માટે માર્ગદર્શન, માહિતી નિયમિત મળે તેવું આયોજન

## બાયોડેટા મોકલવા વિનંતી સમાજના આગેવાનો, ઉદ્યોગકારો, વહેપારીઓ સાથે આ અંગે ગોઠવાશે વિચારગોષ્ઠી

સમાજના યુવાનોના કારકીર્દિ ઘડતર, માર્ગદર્શન, જીપીએસસીની પરીક્ષા માટે માર્ગદર્શન વગેરે કાર્યક્રમો ગાંધીનગર સમાજ દ્વારા યોજવામાં આવે છે. આ નોકરીવાંચ્છુ યુવક-યુવતીઓને વધુ મદદરૂપ થઈ શકાય અને તે રીતે સમાજ ઉત્થાનની -વૃત્તિને વેગવાન અને પરિણામલક્ષી બનાવાય તે હેતુથી શ્રી અખિલ હીંદ ભટ્ટમેવાડા બ્રહમ સમાજના ઉપક્રમે શ્રી ભટ્ટ મેવાડા રોજગાર માહિતી કેન્દ્રની શરૂઆત ગાંધીનગર ખાતે કરવાનું વિચારેલ છે. આવું કેન્દ્ર શરૂ કરવા પાછળનો હેતુ સમાજના નોકરી મેળવવા પાત્ર યુવક-યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં આવેલ જાહેરાતોની માહિતી આપવાનો, તે અંગે માર્ગદર્શન આપવાનો અને તે થકી જ્ઞાતિના વધુમાં વધુ યુવક-યુવતીઓને (અનુ. પાન નં. ૭ પર)

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance

Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704

# કુર્યાત સદા મંગલમ્

## વર જોઈએ છે

| | |
|---|---|
| નામ | : દર્શના એન. ઉપાધ્યાય |
| જન્મ તારીખ | : ૧૮-૦૮-૧૯૮૧ |
| અભ્યાસ | : એમ.કોમ. |
| ઊંચાઈ | : ૫'.૪" |
| ગોત્ર | : શાંડીલ્ય |
| વતન | : રાયગઢ |
| રહેઠાણ | : હિંમતનગર |
| સંપર્ક | : નટુભાઈ ઉપાધ્યાય, ૦૨૭૭૨-૨૨૮૭૫૧ |

| | |
|---|---|
| નામ | : રિદ્ધિ જોષી |
| જન્મ તારીખ | : ૧૦-૦૯-૧૯૮૩ |
| અભ્યાસ | : એમ.બી.એ. ફાયનાન્સ |
| ઊંચાઈ | : ૫'.૪" |
| ગોત્ર | : વચ્છસ |
| વતન | : વિજાપુર |
| રહેઠાણ | : ગાંધીનગર |
| સંપર્ક | : જનાર્દન જોષી, મો. ૯૮૨૫૨ ૬૫૨૬૩ |

| | |
|---|---|
| નામ | : ભુમિ પી. ભટ્ટ |
| જન્મ તારીખ | : ૧૯-૦૪-૧૯૮૭ |
| અભ્યાસ | : બી.ઈ., એમ.ઈ. (કન્ટીન્યુ) |
| વ્યવસાય | : લેક્ચરર |
| માસિક આવક | : - |
| ઊંચાઈ | : ૫'.૧" |
| ગોત્ર | : ભારદ્વાજ |
| વતન | : ડુંગરપુર (રાજસ્થાન) |
| રહેઠાણ | : વડોદરા |
| સંપર્ક | : પુરારીનાથ શર્મા, |
| | (૦૨૬૫) ૨૪૮૬૮૨૨, ૯૪૨૯૫ ૩૬૧૫૪ |

| | |
|---|---|
| નામ | : ડીંપલબેન પંકજકુમાર વ્યાસ |
| જન્મ તારીખ | : ૨૫-૦૯-૧૯૮૯ |
| અભ્યાસ | : બી.એ., બી.એડ. (સ્પે. અંગ્રેજી) |
| ઊંચાઈ | : - |
| ગોત્ર | : પરાશર |
| વતન | : ઓઢા (બાયડ) |
| રહેઠાણ | : મોડાસા |
| સંપર્ક | : પંકજકુમાર જેઠાલાલ વ્યાસ |
| | મો. ૯૪૨૭૫૮૭૫૯૭, ૯૦૩૩૨૯૧૫૬૮ |
| | email : vyas.dimpal@ymail.com |

## યુ.સી. માસ કપડવંજનું ગૌરવ



યુ.સી. માસ કપડવંજમાં અભ્યાસ કરતો રાજ હેતલભાઈ જોષી એબેક્સ એજયુ.ના પહેલા લેવલમાં ૯૩.૨૩ ટકા મેળવી ઉત્તીર્ણ થયો છે. તે બદલે તેના માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી યુ.સી.માસ તથા પરિવાર તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં. રાજના માતાશ્રી દિવ્યાબહેને જણાવ્યું હતું કે આ તેણે મેળવેલું સૌથી પહેલું સર્ટીફીકેટ છે જે મેળવી તેમને ખૂબ જ ગર્વ અને આનંદની લાગણીનો અનુભવ થાય છે. અને તેનો શ્રેય યુ.સી.માસ કપડવંજને જ જાય છે. યુ.સી. માસના સંચાલક શ્રીમતી પૂજાબેન આચાર્યના જણાવ્યા પ્રમાણે યુ.સી. માસમાં રાજ ખૂબ જ મહેનત કરે છે. તેની મહેનતથી જ તેણે આ સફળતા હાંસલ કરેલ છે. યુ.સી. માસમાં એબેક્સનો ઉપયોગ કરીને પાયાના સિદ્ધાંતો સાથે કેલ્ક્યુલેટર કરતાં પણ ઝડપથી ગણતરી કરી શકાય છે. આ પદ્ધતિને લીધે બાળકની દીર્ઘ દ્રષ્ટિ સતેજ થાય છે. આ પદ્ધતિનો લાભ ૪૨ દેશોના વિદ્યાર્થીઓ મેળવી રહ્યાં છે.


Bharat Joshi — Mob. 99250 47530
Bhumesh Joshi — Mob. 97129 51963
Ph. : 2764-234114




**BALRAM**

**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

**7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com**

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : તુષાર રજનીકાંત ભટ્ટ | જૈમીન મહેશકુમાર જોષી | અલ્કેશ હરીવદન જોષી |
| જન્મ તારીખ | : ૧૧-૦૨-૧૯૭૭ | ૨૯-૦૬-૧૯૮૩ | ૦૧-૦૬-૧૯૭૦ |
| અભ્યાસ | : B.Com., HRDC (IRPM) | એમ.એ. (મુખ્ય વિષય-અંગ્રેજી) | ધોરણ-૧૨, આઈટીઆઈ મીકે. |
| વ્યવસાય | : રીલાયન્સ કોમ્યુ. લી. | નોકરી | નોકરી - કેટરીંગ મેનેજર |
| માસિક આવક | : રૂા. ૨૩,૨૦૦ | રૂા. ૨૫,૦૦૦ | રૂા. ૬,૦૦૦ |
| ઊંચાઈ | : ૫'.૩'' | ૫'.૧૦'' | - |
| ગોત્ર | : વચ્છ | પારાસર | પારાસર |
| વતન | : - | કુકરવાડા | પાટણ (ઉ.ગુજરાત) |
| રહેઠાણ | : મણીનગર, અમદાવાદ | અમદાવાદ | પાટણ |
| સંપર્ક | : ૯૩૨૭૪ ૦૧૪૦ (રાત્રે ૭ પછી) | મહેશભાઈ - કલ્પનાબેન -(૦૨૭૬૩) | હરીવદન જોષી |
| | છૂટાછેડા લીધેલ છે. | ૨૫૨૯૩૫, મો. ૯૭૨૪૧ ૩૦૨૫૧ | મો. ૯૫૭૪૧ ૭૪૭૧૨ |

| | | | |
|---|---|---|---|
| નામ | : રીતેશ શશીકાન્ત ત્રિવેદી | આશિષ શશીકાન્ત ત્રિવેદી | હેતુલ પંકજકુમાર વ્યાસ |
| જન્મ તારીખ | : ૨૪-૦૮-૧૯૮૨ | ૦૭-૦૮-૧૯૮૫ | ૨૬-૦૭-૧૯૮૭ |
| અભ્યાસ | : સી.એ. ફાઈનલ | એસ.એસ.સી. | બી.ઈ., એમ.ઈ. (અભ્યાસ ચાલુ) |
| વ્યવસાય | : નોકરી - એકાઉન્ટન્ટ | નોકરી | |
| માસિક આવક | : રૂા. ૨૦,૦૦૦ | રૂા. ૭,૦૦૦ | |
| ઊંચાઈ | : ૫'.૭'' | ૫'.૬'' | |
| ગોત્ર | : ભારદ્વાજ | ભારદ્વાજ | પરાશર |
| વતન | : જાદર | જાદર | ઓઢા (બાયડ) |
| રહેઠાણ | : મુંબઈ | મુંબઈ | મોડાસા |
| સંપર્ક | : શશીકાન્ત ત્રિવેદી | શશીકાન્ત ત્રિવેદી | પકંજકુમાર જેઠાલાલ વ્યાસ |
| | મો. ૯૮૨૦૯૭૩૮૨૪ | મો. ૯૮૨૦૯૭૩૮૨૪ | મો. ૯૪૨૭૫૮૭૫૯૭, ૯૦૩૩૨૯૧૫૬૮ |

| | | |
|---|---|---|
| નામ | : મનોજ બાબુલાલ જોષી | હિમેશકુમાર ભટ્ટ |
| જન્મ તારીખ | : ૧૬-૦૯-૧૯૮૨ | ૦૯-૧૧-૧૯૭૯ |
| અભ્યાસ | : એફ.વાય.બી.એ. | B.S.T.C., MA, B.Ed., M.Ed. Cont. |
| વ્યવસાય | : સરકારી નોકરી (આર્મી) | રાજકીય અધ્યાપક |
| માસિક આવક | : રૂા. ૨૦,૦૦૦ | રૂા. ૧૫,૬૬૦ |
| ઊંચાઈ | : ૬'.૨'' | |
| ગોત્ર | : વચ્છ્સ | પારાશર |
| વતન | : આસોડા | |
| રહેઠાણ | : રાણીપ, અમદાવાદ | ડુંગરપુર, રાજસ્થાન |
| સંપર્ક | : બાબુભાઈ જોષી-૮૧૨૮૬૮૪૨૪૭ | પ્રકાશચંદ્ર ભટ્ટ મો. ૯૯૮૩૦૦૦૩૨૩, ૯૮૨૯૭૮૬૯૦૯ |
| | હર્ષદ જોષી - ૯૬૨૪૩૯૩૯૫૪ | એક પગે વિકલાંગ છે |





**આપનું લવાજમ મનીઓર્ડર દ્વારા નીચેના સરનામે મોકલાવી શકશો.**

**બિપીનભાઈ સી. જોષી, પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧**

# એકાવન શક્તિપીઠો-તેમની ૬ ઉત્પત્તિ, સ્થાન વિશેષ તથા મહત્ત્વ



પ્રા. ભરતકુમાર ડી. ભટ્ટ, ગાંધીનગર

(ગતાંકથી આગળ)

**અન્ય મહત્વપૂર્ણ શક્તિમંદિરો :**

માતાજીના અન્ય મંદિરો છે કે જેમનો સમાવેશ શક્તિપીઠમાં થતો નથી, આમ છતાં તે ભક્તોના દષ્ટિબિંદુથી મહત્વપૂર્ણ છે. જેમ કે-

વૈષ્ણોદેવી :- ત્રેતાયુગમાં જયારે રાવણ તથા અન્ય દાનવો સજ્જનોને પીડા આપવા લાગ્યા, ત્યારે પરોપકારી શક્તિઓ સજ્જનોને દાનવોના ત્રાસમાંથી મુકત કરવા એકત્રિત થઈ. આ શક્તિઓમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, સાવિત્રી, ગાયત્રી વગેરેનો સમાવેશ થતો હતો. તેમણે એક મહાશક્તિને ઉત્પન્ન કરી, જે એક નાની કન્યારૂપે પ્રગટ થઈ, અને તેણે તેને ઉત્પન્ન કરવાનું પ્રયોજન પુછયું. દેવીઓએ કહ્યું : 'તારું નામ વૈષ્ણવદેવી' રહેશે, અને તારું કાર્ય જગતમાંથી દુષ્ટતત્વોનો વિનાશ કરવાનું અને સારાં તત્વોનું રક્ષણ કરવાનું રહેશે. આ માટે તું સમુદ્રમાંથી અવતાર ધારણ કર. ત્યારપછી સમુદ્રમાંથી એક શક્તિ પ્રગટ થઈ જે વૈષ્ણવીદેવી- અને પાછળથી સમય વીતતાં વૈષ્ણવદેવી કહેવાઈ. થોડાક સમય પછી તે સમુદ્ર કિનારે ભગવાન રામચંદ્રજીનું ધ્યાન ધરતી, રાહ જોઈને બેઠી હતી. રાવણ દ્વારા સીતાજીનું અપહરણ થયા પછી રામચંદ્રજી હનુમાનજી તથા અન્ય વાનરસેના સાથે, શ્રીલંકા જવા માટે સમુદ્ર કિનારે આવ્યા, જયાં તેમણે આ વૈષ્ણવી કુમારીને જોઈ. રામે પૂછતાં વૈષ્ણવીએ કહ્યું : 'હું સમુદ્રની પુત્રી છું અને હું આપને મારા પતી તરીકે પ્રાપ્ત કરવા ઈચ્છું છું આથી આપની પત્ની તરીકે મારો સ્વીકાર કરો.' રામ કહ્યું : 'આ જન્મમાં તો મેં એકમાત્ર સીતાને જ પત્ની તરીકે સ્વકારવાનો નિશ્ચય કર્યો છે. પરંતુ શ્રીલંકાથી પછા વળતાં હું છુપા વેશમાં આવીશ. તે સમયે જો તું મને ઓળખી જઈશ, તો હું તારો સ્વીકાર કરીશે.' (ક્રમશઃ)

## ગીરીરાજ સ્તુતિ

**સત સૃષ્ટિ ગોકુલ રચયીતા, સત સૃષ્ટિ વૈકુંઠ રચયીતા**
**ગીરીરાજ ધરાય નમો નમહ**
**હે આદ્ય ગુરુ કૃષ્ણ પિતા ગીરીરાજ ધરાય નમો નમહ**
**ગંભીર નાદ શંખના ધબકે ઉરે કુરુક્ષેત્રમાં**
**નીત હોત નાદ પ્રચંડના ગીરીરાજ ધરાય નમો નમહ**
**શીર જ્ઞાન ગીતા વેદમાં ચીદ બ્રહ્મ જ્યોતિ લલાટમાં**
**મોતીયન માલા કંઠમાં ગીરીરાજ ધરાય નમો નમહ**
**તવ લક્ષ્મી વામાંગે સ્થિત હે પાંડવ અપરાજીતા**
**સહુ ગીતા ગાયે સંહિતા ગીરીરાજ ધરાય નમો નમહ**
**સત સૃષ્ટિ ગોકુલ રચયીતા સત્ત સૃષ્ટિ વૈકુંઠ રચયીતા**
**ગીરારાજ ધરાય નમો નમહ**

શ્રી ગીરીરાજ સ્તવનનું સ્મરણ કરવા માત્રથી આપણું હૃદય તેમજ દરેક આરાધના પૂર્ણ થાય છે. તદ્ ઉપરાંત આ સ્તુતિનું સ્મરણ વૈષ્ણવ - બ્રહ્મસ્મૃતિ માટે તેમજ ભગવાન કૃષ્ણની સ્તૃતિની પ્રાર્થના ભાગરૂપે અહીં સમર્પણ કરેલી છે. જેમાં ભગવાને ગોવર્ધન લીલાનો તથા પાંડવોને અજય બનાવવાનો તેમજ લક્ષ્મી માતાના સ્વરૂપના સ્થાન માટે વિવરણ છે જે અદ્ભૂત રચના સ્તુતિ સ્વરૂપમાં અહીં રજૂઆત કરેલ છે.

- ઉપમન્યુ પંડ્યા (અમદાવાદ)

**ભટ્ટમેવાડા વર્તમાનના અંકો દર માસની ૧૫ તારીખે રવાના કરવામાં આવે છે જે મોડામાં મોડા ૨૫ તારીખ સુધીમાં સામાન્ય રીતે મળી જતા હોય છે. કોઇ કારણસર જો અંક ન મળે તો પત્ર દ્વારા શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં.૧૩૧૬/એ-૨, સેકટર-૩૮૨ ૦૦૭ડી, ગાંધીનગરના સરનામે અથવા ફોન નં.(૦૭૯) ૨૩૨૩૦૬૩૨ પર જણાવવા વિનંતી છે કે જેથી જે જ્ઞાતિજનોને અંક ન મળ્યો હોય તેમને મોકલવાની વ્યવસ્થા થઇ શકે.**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

Sonu N. Bhatt
(AGENT)

**NSC, KVP, MIS, R.D.,**
**SMALL SAVINGS SCHEME,**
**LIC, UTI, PPF, COS. DEPOSITS,**
**SRGE, ICICI MUTUTAL FUND,**
**RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**
PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**

## દુઃખદ અવસાન

- જાદરના વતની શ્રી પ્રકાશભાઈના માતૃશ્રી અને શ્રી પિનાકીનભાઈના દાદીમાં સવિતાબહેનનું અવસાન થયેલ છે.
- રાયગઢના વતની શ્રી કિશોરકુમાર ઉપાધ્યાયના પત્ની -જ્ઞાબેન ઉપાધ્યાયનું દુઃખદ અવસાન થયેલ છે.
- વાવોલના વતની મંજુલાબેન મનુ-સાદ ભટ્ટનું દુઃખદ અવસાન થયેલ છે.
- મધુકાન્તાબેન ઇન્દુભાઇ આચાર્યનું પાટણ ખાતે અવસાન થયેલ છે.
- કલાબેન લાભશંકર ભટ્ટનું તા. ૩૦/૩/૨૦૧૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- કુકરવાડાના વતની શ્રી બળદેવપ્રસાદ જોષીના ધર્મપત્ની લીલાવતી બહેનનું દુઃખદ અવસાન થયેલ છે.
- રાયગઢના વતની અને અમદાવાદ રહેતા શ્રી વામદેવ પ્રસાદ પંડ્યાના ધર્મપત્ની સરસ્વતી બહેનનું દુઃખદ અવસાન થયેલ છે.
- શ્રીધરભાઈના પિતાશ્રી અગ્નિહોત્રી સનાતનભાઈ વ્યાસનું અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- રાયગઢના વતની અને વડોદરા ખાતે રહેતા ડૉ. નયનકુમાર સુખદેવપ્રસાદ ઉપાધ્યાયના ધર્મપત્ની ડૉ. હિનાબેહનું દુઃખદ અવસાન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી "ભટ્ટ મેવાડા વર્તમાન" પરિવારની પ્રભુ પ્રાર્થના.

With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

# ભટ્ટમેવાડા સ્વાધ્યાય પરિવાર, મોતીપુરા દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી ચાલતી અનુકરણીય પ્રવૃત્તિ

હિંમતનગર ખાતેના મોતીપૂરા વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો દ્વારા અનુકરણ કરવા જેવી, વખાણવા જેવી અને જ્ઞાતિની એકતામાં વધારો થાય, ભાઇચારો વધે અને એકબીજાની વધુ નજીક આવી શકાય તેવી ધાર્મિક -વૃતિ છેલ્લા ૧૨ વર્ષથી ચાલી રહી છે. દર સોમવારે કોઇએક જ્ઞાતિજનના ત્યાં ભેગા થઇ શ્રી વિષ્ણુસહસ્ત્ર, શ્રી શિવમિહન્મ સ્ત્રોત, દ્વાદશ જયોર્તિલીંગ, ભગવદ ગીતાના ૧૫ અધ્યાયનું પઠન, ગાયત્રી ચાલીસા અને ઈષ્ટદેવ પુજય એકલીંગજી દાદાની સ્તુતિનું ગાન જ્ઞાતિજનો દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત દર વર્ષે ધાર્મિક -વાસનું આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ સાલે મહાશિવરાત્રિના દિવસે પાલખીમાં વરઘોડો કાઢીને ભોળાનાથ શંકરને ભજવામાં આવ્યા હતા અને બધા જ પરિવારોના ત્યાં દાદાની પધરામણી કરવામાં આવેલ હતી. આગામી વર્ષે શિવરાત્રિના દિવસે કાર્યક્રમ બાદ સમહુ ફરાળ કરવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવનાર છે.

આમ, ભટ્ટમેવાડા સ્વાધ્યાય પરિવાર, મોતીપૂરા દ્વારા ચાલતી આ -વૃતિ અન્ય શહેરોમાં વિસ્તરે તો તેનાથી સમાજની એકતા વધુ મજબૂત થશે, એકબીજાની વધુ નજીક આવી શકાશે અને તેમ થતાં નાનામોટા-સારા નરસા -સંગોએ એકબીજાની હુંફ પણ મળશે. આવી સરસ -વૃતિ કરવા બદલ ભટ્ટમેવાડા વર્તમાન સ્વાધ્યાય પરિવારને અભિનંદન પાઠવે છે અને આ -વૃતિ વધુ વેગવાન બને તેવી શુભેચ્છા પાઠવે છે.

**ગાંધીનગર...** (પાન ૩નું શેષ)

નોકરી મળે તે માટે મદદ કરવાનો છે. નોકરી મેળવવા માંગતા સમાજના સૌ યુવક-યુવતીઓને તેમનો સંપૂર્ણ બાયોડેટા હિંમતનગર ખાતે **શ્રી વિનાયકભાઈ પંડયા, (મહામંત્રી) ભાગ્યોદય સોસાયટી, અલકાપૂરી, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર, ફોન-(૦૨૭૭૨) ૨૪૫૩૦૫ અને ગાંધીનગર ખાતે શ્રી હિમાંશુભાઈ દિક્ષીત, પ્લોટ નં.૬૬૨, પંચવટીપાર્ક, સેક્ટર-૨૩, ગાંધીનગર, ફોન (૦૭૯)-૨૩૨૨૨૪૪૯** ઈ-મેલ hddixit@in.com પર મોકલી આપવા વિનંતી છે.

બાયોડેટા મળ્યા બાદ તેમની શૈક્ષણિક લાયકાતને અનુલક્ષીને જે ક્ષેત્રોમાં નોકરી ઉપલબ્ધ હશે તેની માહિતી/માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત સમાજના આગેવાનો સાથે આ અંગે એક વિચારગોષ્ઠીનું આયોજન કરી સમાજના વધુમાં વધુ યુવાનો નોકરી મેળવે તે માટે નક્કર કાર્યવાહી માટે કાર્યયોજના ઘડી કાઢવામાં આવશે.

# ધો-૧૦ અને ૧૨ પછી કારકીર્દિનું ક્ષેત્ર પસંદ કરવું ખૂબ જ અગત્યનું

## કારકીર્દિ ઘડતર માટેના અભ્યાસક્રમોની જાણકારી હોવી જરૂરી - આગામી પાંચ વર્ષ પછી કયા ક્ષેત્રમાં નોકરીની તકો રહેલી છે તે બાબત વિદ્યાશાખા નકકી કરવા માટે અગત્યની

## મે માસમાં યોજાશે ધો.૧૦ અને ૧૨ પછી શું ? નામનો વાલીઓ અને વિદ્યાર્થીઓ માટેનો સેમીનાર

ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ પૂરી થઇ ગઇ છે અને ટુંક સમયમાં પરિણામ પણ આવશે. દરેક વાલીના અને વિદ્યાર્થીના જીવનમાં કારકીર્દિ ઘડતર માટે આ સમય ખૂબ જ અગત્યનો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ કારકીર્દીના અનેક ક્ષેત્રો છે. કારકીર્દિની પસંદગીમાં તમારા ભવિષ્યની સાથે તમારા કુટુંબનું અને સમાજનું ભવિષ્ય પણ રહેલું છે. આવા નિર્ણાયક તબકકે યોગ્ય માર્ગદર્શન અને ઉપયોગી માહિતી મળે તો તે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

સ્વામી વિવેકાનંદે કહયું છે કે, ઉઠો, જાગો અને ધ્યેય -પ્રાપ્તિ સુધી કાર્યરત રહો તે મુજબ ધો.૧૦ અને ૧૨ માં પાસ થનાર વિદ્યાર્થી મિત્રો માટે નિશ્ચિત ધ્યેય-લક્ષ નકકી કરવાની આ નિર્ણાયક ઘડીએ વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે કારીકીર્દી પસંદગીમાં પથદર્શક બનવા માટે ગાંધીનગર ખાતે આગામી મે માસમાં ધો. ૧૦ અને ૧૨ પછી શું ? એ વિષય પર એક સેમીનારનું આયોજન મે માસમાં કરેલ છે. સેમીનારમાં અનુભવી અને વિષયના જાણકાર વ્યકતિઓ દ્વારા માર્ગદર્શન અપાશે. વ્યવસ્થાના ભાગરૂપે રજીસ્ટ્રેશન અગાઉથી કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન મોડામાં મોડું બીજી મે સુધીમાં કરાવી લેવું. ત્યારબાદ જો જગ્યા હશે તો સેમીનારમાં ભાગ લેવા દેવામાં આવશે. **રજીસ્ટ્રેશન શ્રી રમેશભાઇ જોશી (૦૭૯)-૨૩૨૩૦૬૩૨, શ્રી પ્રકાશભાઇ ભટ્ટ(૦૭૯)-૨૩૨૩૦૮૨૨, શ્રી હિમાંશુભાઇ દિક્ષીત (૦૭૯)૨૩૨૨૨૪૪૯ અને શ્રી અમૃતભાઇ ઉપાધ્યાય (૦૭૯)૨૩૨૪૩૧૦૧** પર કરાવવા વિનંતી.

# જીપીએસસીની પરીક્ષાના-માહિતી સેમીનારનું ગાંધીનગર ખાતે થયેલું આયોજન

## સમાજના નોકરીવાંચ્છું યુવક-યુવતીઓએ લીધેલ ભાગ - આગામી સેમીનાર મે માસમાં યોજાશે. - અગાઉ નામ ન નોંધાવ્યું હોય તો નામ વિનંતી

સમાજના નોકરી મેળવવાપાત્ર યુવક-યુવતીઓને નોકરી મેળવવા માટે પરીક્ષા લક્ષી માર્ગદર્શન મળી રહે તે સમાજના વધુમાં વધુ યુવક-યુવતીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ નોકરી મેળવે તેવા આશયથી ગાંધીનગર ખાતે જીપીએસસી દ્વારા લેવાનાર નાયબ મામલતદર/નાયબ સેકશન અધિકારીની પરીક્ષા માટે માર્ગદર્શન સેમીનારનું આયોજન તા. ૩ એપ્રિલના રોજ કરવામાં આવેલ હતું જેમાં અમદાવાદ, હિંમતનગર, મોડાસા, મહેસાણા, વિજાપુર, ગાંધીનગર વગેરે ગામોના યુવક/યુવતીઓએ ભાગ લીધેલ હતો.

સેમીનારમાં સમાજના યુવક/યુવતીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને અન્ય માર્ગદર્શન માટે સદાય તત્પર રહેતા નાયબ કલેકટર શ્રી સંજયભાઇ જોશી તથા શ્રી હેતુલભાઇ વ્યાસ, શ્રી હિમાંશુભાઇ દિક્ષીત વગેરેએ પરીક્ષાની તૈયારી, તેમાં આવરી લેવાનાર વિષયો, તૈયારી કરવાની પધ્ધતિ, વર્તમાન વિષયો અને તેને લગતી બાબતો વગેરે અંગે ખૂબ જ ઉપયોગી માહિતી આપેલ હતી. હાજર સેમીનાર્થીઓએ આવા વધુ સેમીનાર યોજવાની ઇચ્છા વ્યકત કરતાં આગામી સેમીનાર મે માસમાં યોજવામાં આવશે. જેઓએ અગાઉ રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય તેઓએ રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી છે.

સેમીનારમાં પરીક્ષા લક્ષી તૈયારીની સાથોસાથ યાદશકિત વધારવા, શરીરને તંદુરસ્ત રાખવા અને વાંચેલું ઝડપથી યાદ રાખવા અને લાંબા સમયસુધી વાંચી શકાય તે માટે ઉપયોગી થાય તેવા પ્રાણાયામ, મુદ્રાઓ વગેરે પતંજલિ યોગપીઠના યોગ શિક્ષક અને ગાંધીનગર સમાજ અગ્રણી વર્ષાબેન દવે દ્વારા શીખવવામાં આવેલ હતી.

સેમીનારને સફળ બનાવવામાં અને સેમીનાર્થીઓને સાહિત્ય પૂરૂં પાડવા માટે શ્રી હિમાંશુભાઇ દિક્ષીત, શ્રી પ્રકાશભાઇ ભટ્ટ, શ્રી અમૃતભાઇ ઉપાધ્યાય, શ્રી વ્યોમેશભાઇ દિક્ષીત, શ્રી નિરવભાઇ પંડયા, શ્રી પરેશભાઇ જોશી, કુ.અંજનાબેન ગોર વગેરેએ સહયોગ આપેલ હતો.

**Owner : Shree Bhatt Mevada Brahma Samaj, Gandhinagar Printer, Publisher, Editor : Bipinchandra Joshi, Printed : Dharti Offset, Plot No. L-405, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : 1316/A/2, Sector-7 D, Gandhiangar. (GUJARAT)**